વિશ્વ संवाद केन्द्र

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com

વર્ષ : ૪ અંક : ૮૧ દિનાંક : ૦૧.૮.૨૦૧૮ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## ભારતીય મૂળના અમેરિકન વૈશ્વિક સંગઠન દ્વારા અમેરિકન અને ભારતીયમૂળના અમેરિકનોનો ભવ્ય સત્કાર સમારંભ

વિશ્વના દેશોમાં કાયમી સ્થાયી થયેલ ભારતીયો, ભારતીય મૂળના દેશવાસીઓ માટે સંગઠનાત્મક પ્રવૃત્તિઓ કરે છે. અમેરિકાના ન્યુજર્સીમાં આવું એક વૈશ્વિક સંગઠન કાર્યરત છે. આ સંગઠને તાજેતરમાં અમેરિકાના ફ્રેંક પાલોન તથા અન્ય ભારતીય મૂળના ૧૦ નાગરિકોને તેમના સેવાકાર્યો તથા વિશિષ્ટ સિદ્ધિ બદલ સત્કાર કર્યો છે. શ્રીકૃષ્ણાનિધિ ફાઉન્ડેશને વિશિષ્ટ સેવા ચંદ્રકો તથા પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. આ દશ વ્યક્તિઓમાં US ફાર્માલેબના પ્રણેતા અશોક લુહાદિયા તથા સારવેલના સિબી વદકેક્કારનો ફાર્મા ઉદ્યોગ માટે, મીડિયા માટે સુધીર પરિખ તથા એચ. આર. શાહ ચેરમેન CEO અને TV Asia, અદ્‌ભૂત કંઠ (સ્વર-અવાજ) માટે સ્પર્શ શાહ જે પંદર વર્ષથી અસાધ્ય રોગથી પિડાય છે, અમિત જૈન NJ લીડરશીપ પ્રોગ્રામ, સમાજસેવા માટે પિનાકિન પાઠક, ભારતીય મૂળના અમેરિકન નિવાસીઓની સેવા માટે રાજેશ્વર ગંગાસની રેડ્ડી વગેરે માટે આ સત્કાર સમારંભ યોજાયો હતો.

## દક્ષિણ ભારત-કેરાલામાં રામાયણ મહિનાનો પ્રારંભ

સામાન્યતઃ સમગ્ર દેશમાં શ્રાવણ માસની ઉજવણી થતી હોય છે. શ્રાવણમાસને પવિત્ર માસ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ દક્ષિણ ભારતમાં ખાસ કરીને કેરાલામાં 'રામાયણ મહિનો' પવિત્ર માસ તરીકે ઉજવાય છે. તા. ૧૭મી જુલાઈથી - ૧૬મી ઑગસ્ટ દરમિયાન આ માસ ઉજવાય છે. કેરાલાના પ્રત્યેક ઘરમાં અધ્યાત્મ રામાયણનો પાઠ થાય છે. મલાયમના સુપ્રસિદ્ધ પંડિત સાહિત્યકાર શ્રી થુન્ચાથુ એઝહૂથાચન દ્વારા મલાયમ ભાષામાં રૂપાંતરિત થયેલ રામાયણ લખાયું છે. સૂર્યાસ્ત પછી પ્રત્યેક હિન્દુ ઘરના બધા જ સભ્યો એકઠા થાય છે અને 'નિલાવિલક્કુ' (Nilavilakku) નામના વિશિષ્ટ કેરાલીયન લેમ્પના પ્રકાશમાં ભગવાનશ્રી રામના જીવન-પારાયણનો પાઠ સમગ્ર માસ દરમિયાન ક્રમશઃ સતત વંચાય છે. રામાયણમાં વર્ણવેલા પ્રસંગોની ઉજવણી પણ થાય છે. વિષ્ણુ મંદિરોમાં ભગવાન શ્રીરામના પ્રસંગોને અનુરૂપ નાટકો પણ ભજવાય છે. આમ દક્ષિણ ભારતમાં ભગવાન શ્રી રામની રામાયણ માસમાં અનન્ય ભક્તિ-પૂજા-ઉપાસના થાય છે. શ્રાવણ માસમાં જેમ શિવભક્તિનો મહિમા છે તેવો જ ભાવ શ્રી રામ પ્રત્યે દક્ષિણ ભારતમાં જળવાયો છે. હિમાલયની નજીક શ્રી શિવજી તથા દક્ષિણ સમુદ્રતટના પ્રદેશોમાં શ્રીરામનો મહિમા ભારતીય સંસ્કૃતિ માટે તહેવારોનું વિશિષ્ટ મહત્વ ધરાવે છે.

## હિન્દુ સ્વયંસેવક સંઘ (HSS)ના ડૉ. મનોજ મોટવાણીનું ઈટાલીના પ્રમુખ તથા વિદેશમંત્રી દ્વારા બહુમાન

ભારતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેના સેવાકાર્યો અને હિન્દુ સંગઠનાત્મક કાર્યપ્રણાલીથી કાર્યરત છે તે પ્રમાણે વિદેશમાં ભારતીયો (હિન્દુઓ) માટે હિન્દુ સ્વયંસેવક સંઘ (HSS) કાર્ય કરે છે. ૧૯૯૩થી હોંગકોંગમાં સ્થાયી થયેલ

અને જેમનો ઉછેર તથા જન્મ ભારતમાં થયો હતો, તેવા ડૉ. મનોજ મોટવાણીને સેવા તથા સંગઠન માટે ઈટાલીના પ્રમુખ શ્રી સેરગીયો મટ્ટારેલા (Shri Sergio Mattarella) અને વિદેશમંત્રી શ્રી એંગેલિનો આલ્ફાનો (Shri Angelino Alfano)ના વરદ્‌હસ્તે ઈટાલિના બીજા દરજ્જાના સર્વોચ્ચ નાગરિકનો પુરસ્કાર મળ્યો છે. આ પુરસ્કાર મેળવનાર તેઓ પ્રથમ ભારતીય છે. ડૉ. મનોજ નાનપણથી RSS તથા HSSના સ્વયંસેવક છે. હાલમાં તેઓ હોંગકોંગની HSSના મહામંત્રી, વિશ્વ હિન્દુ પ્રસાદના ટ્રસ્ટી, વર્લ્ડ હિન્દુ ઈકોનેમી ફોરમના સ્થાપક મેમ્બર છે તથા તેઓ વિશ્વ હિન્દુ કોંગ્રેસના વિકાસ તથા પ્રવૃત્તિઓમાં કાર્યરત છે. તેઓ ઉચ્ચ શિક્ષણ ધરાવે છે. આર્થિકક્ષેત્રમાં તેમણે Ph.D. કર્યું છે. MBA પણ છે. હોંગકોંગના મેનેજમેન્ટ સંગઠને પણ ડૉ. મનોજનું 'પ્રોફેનલ મેનેજર'ના પુરસ્કારથી બહુમાન કર્યું હતું.

## મોબાઈલના ઉત્પાદનમાં ભારતની હરણફાળ : વિશ્વમાં બીજોક્રમ

ભારત, વિશ્વના દેશોના સહકારથી 'સબકા સાથ સબકા વિકાસ'ના ધ્યેયથી 'Make in India' પ્રોજેક્ટને આગળ ધપાવી રહ્યું છે. દેશમાં ઉદ્યોગો સ્થપાય તથા રોજગારીનો પ્રશ્ન હલ થાય તેવા પ્રયત્નો વર્તમાન સરકાર કરી રહી છે. આ અનુસંધાને દક્ષિણ કોરિયાના પ્રમુખ મુન-જે-ઈન તથા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નોઈડામાં સેમસંગ કંપનીની વિશ્વની વિશાળ ફેક્ટરીની શરૂઆત કરાવી છે. જેનાથી ભારતીય શ્રમિકોની મદદથી મોબાઈલનું ઉત્પાદન બમણું થશે. મોબાઈલના ઉત્પાદનમાં હવે ભારતે હરણફાળ ભરી છે.

## કેનેડામાં વિશ્વ-સંસ્કૃત સંમેલન યોજાયું

ભારતના માનવસંશોધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગે વિશ્વના દેશોમાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર માટે ઘનિષ્ટ પ્રયત્નો કર્યા છે. આ અનુસંધાને કેનેડામાં વિશ્વના દેશોના પ્રતિનિધિઓનું 'વિશ્વસંસ્કૃત સંમેલન' યોજાયું હતું. તા. ૯ જુલાઈથી ૧૩ જુલાઈ સુધી આ સંમેલન યોજાયું. દર ત્રણ વર્ષે આવું સંમેલન યોજાય છે. વિશ્વના દેશોના ૫૦૦થી પણ વધુ સંસ્કૃતભાષાના વિદ્વાનો એકત્રિત થયા હતા. સંસ્કૃત ભાષાના સંશોધકો તથા પ્રવક્તાઓએ આ સંમેલનને સંબોધ્યું હતું.

## સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચુકાદો : કેરલના સબરીમાલા મંદિરમાં મહિલાઓને પ્રવેશ ન આપવો સંવિધાનની વિરુદ્ધ

કેરલના સબરીમાલા મંદિરમાં મહિલાઓ માટે પ્રવેશ બંધી હતી. મહિલાઓને મંદિરની બહારથી જ દર્શન કરી સંતોષ માનવો પડતો હતો. આ અંગે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ દિપક મિશ્રા તથા તેમની બેંચે મહત્વનો ચુકાદો આપ્યો છે. તેમણે જણાવ્યું છે કે મંદિર સાર્વજનિક સંપત્તિ છે તથા બંધારણમાં મહિલા તથા પુરુષોને સમાન હક્ક છે. વર્ષો જૂની આ મંદિરની પ્રથા, મહિલાઓને અન્યાયકર્તા છે.

## કેન્સરથી પત્નિનું મૃત્યુ થતાં પતિએ સ્વજનોને વ્યસનમુક્તિના શપથ લેવડાવ્યા

અમદાવાદના અસારવા વિસ્તારમાં તમાકુના સેવનથી પત્નિનું કેન્સરથી મૃત્યુ થયું હતું. આ પ્રસંગે તેના પતિએ પત્નિના બેસણામાં આવેલ ૫૦૦થી વધુ સ્વજનોને તમાકુનું સેવન ન કરવા અંગેના વ્યસનમુક્તિના સોગંદ લેવડાવ્યા હતા. નારાયણભાઈએ બેસણામાં ૪૦૦ કિલો આયુર્વેદીક દવાઓનું પણ વિતરણ કર્યું હતું.

## સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં ભારતે તેના પડોશી રાષ્ટ્રોમાં અલ્પસંખ્યકોની સ્થિતિનો મુદ્દો ઉઠાવ્યો

ભારતના વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે પાકિસ્તાન, બાંગ્લાદેશ તથા અફગાનિસ્તાન જેવા પાડોશી દેશોમાં હિન્દુ, જૈન, શીખ, બૌદ્ધ, પારસી તથા ખ્રિસ્તી અલ્પ સંખ્યકોની નીરંતર વધતી ખરાબ સ્થિતિ અંગે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં ચિંતા દર્શાવી છે. આ અલ્પસંખ્યકોને ન્યાય મળે તે માટે સંયુક્ત રાષ્ટ્રે યોગ્ય

પગલા ભરે તેવી માગણી થઈ છે. અલ્પસંખ્યકો પર થતા આત્યાચારો તથા હિંસા અંગે વિશ્વનું પણ ધ્યાન દોરવામાં આવ્યું છે.

## સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ભારતનું સન્માન : સંઘે હિન્દીભાષામાં એકાઉન્ટ ટ્વીટ કર્યું

આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને એક વધુ સન્માન મળ્યું છે. સંઘે તેના ટ્વીટ પર હિન્દી ભાષાનો પ્રારંભ કર્યો. તેમાં લખાયું છે કે 'નમસ્કાર ! સંયુક્ત રાષ્ટ્ર સંઘ અબ હિંદી મે ટ્વીટ કર રહા હૈ.' ભારતની રાષ્ટ્રભાષા હિન્દીનું પણ વિશ્વસ્તરે સીધું પ્રસારણ થયું છે. વિશ્વના મોટાભાગના દેશોમાં હિન્દીભાષી સ્થાયી થયા હોવાથી ભારતને ભાષાના ક્ષેત્રમાં આ વિશ્વ બહુમાન મળ્યું છે.

## ફિલ્મસિટી - બગોદરા-ગુજરાતમાં કામધેનું યજ્ઞ યોજાશે

અમદાવાદ નજીક બગોદરા પાસે બનેલા ફિલ્મસીટીમાં ૧૧૦૦૮ કુંડીય લક્ષ્મીનારાયણ (કામધેનું) યજ્ઞની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ૧૦ થી ૧૬ ફેબ્રુઆરીના સમયગાળામાં આ ભવ્ય યજ્ઞ યોજાવાનોછે. જેમાં ૫૦૦૦૦ દંપતી યજ્ઞમાં બેસશે. ૫૦ લાખથી પણ વધુ મુલાકાતીઓ દર્શનાર્થે આવશે તેવી યોજના છે. ગુજરાત તથા બહારથી આવેલ એક લાખ લોકોને રહેવાની સગવડ થશે. વિશ્વના ૧૩૫ દેશોમાંથી યજમાનો આવવાની સંભાવના છે. ૫૦૦૦થી પણ વધુ બ્રાહ્મણો આ યજ્ઞને પાર પાડશે. અહીં ૫૦૦૦૦ વૃક્ષો વવાશે અને તેમના ઉછેરની પણ વ્યવસ્થા થશે.

આ યજ્ઞમાં ૪ ધામ, ૭ પુરી, ૧૨ જ્યોર્તિલીંગ, ૫૧ શક્તિપીઠના જળ અને માટીથી આ ભવ્યયજ્ઞની યજ્ઞ શાળા બનશે. ૧.૫ કિ.મી.ના વિસ્તારમાં શ્રી યંત્રના આકારમાં બની રહેલી યજ્ઞશાળામાં પંચગવ્યનો ઉપયોગ થશે.

હાલમાં યજ્ઞ પહેલાની ૧૦૦ કિ.મી. વિસ્તારના હવા, પાણી અને જમીનનો અભ્યાસ થશે. ત્યારબાદ યજ્ઞને અંતે તેમાં થતા ફેરફારોની નોંધ થશે. યજ્ઞ દ્વારા વાતાવરણમાં શુદ્ધીકરણ માટેનો આ સંશોધન યજ્ઞ પણ છે જે ગિનીસ બુકમાં સ્થાન પામે તેવી સંભાવના છે. ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ પી. કે. લહેરી પેટ્રેન તરીકે સેવા આપી રહ્યા છે. મેનેજીંગ ટ્રસ્ટી પદે નરેન્દ્રસિંહ ઝાલા, રૂઝાન ખંભાતા સહિતના અગ્રણીઓ આ યજ્ઞને સફળ બનાવવા માર્ગદર્શન કરી રહ્યા છે. યજ્ઞના તમામ કાર્યક્રમોને પૂર્ણ કરવા અનેક એમ.ઓ.યુ. થયા છે. જે દસ વર્ષના ગાળા છે. આ યજ્ઞમાં ભાગ લેવા ઓન લાઈન રજીસ્ટ્રેશન શરૂ થશે.

## ભારતીય મૂળના અમેરિકન પ્રોફેસરની ચીનની યુરોપીયન શાળાના પ્રમુખપદે નિયુક્તિ

આસામમાં જન્મેલ અને અમેરિકાના શીકાગોમાં સ્થાયી થયેલ ભારતીય મૂળના પ્રોફેસર દિપક જૈન, ૬૧,ની સાંગાઈ-સ્થિત ચાઈના યુરોપ ઇન્ટરનેશનલ બીઝનેશ સ્કૂલ (CEIBS)ના યુરોપીયન પ્રેસીડેન્ટ તરીકે નિમણૂંક થઈ છે.

દિપક જૈન ધંધાકીય બાબતોનું ઊંડું જ્ઞાન ધરાવે છે તથા વહિવટીક્ષેત્રમાં પણ નિષ્ણાંત છે. શીકાગોમાં તેઓ પ્રતિષ્ઠિત પ્રોફેસર ગણાય છે. તેઓ અમેરિકાની બે શાળાઓના ડીન પણ રહી ચૂક્યા છે. તેમની કુનેહની કદર થતાં તેમને ઉપરોક્ત શાળાની જવાબદારી સોંપાઈ છે. શ્રી દિપક જૈન સાંગહાઈમાં ૧૦-૧૫ દિવસ રોકાણ કરે છે.

## પીઢ ગાયક કુમાર સહાનું તથા અનુરાધા પૌડવાલનું ઇંગ્લેન્ડમાં બહુમાન

ઇંગ્લેન્ડના હાઉસ ઓફ પાર્લામેન્ટમાં ઇન્ડો-બ્રિટિશ ઓન પાર્લામેન્ટરી ગ્રુપે ભારતના સુપ્રસિદ્ધ પીઢ ગાયક કુમાર સહાનું તથા અનુરાધા પૌડવાલનું બહુમાન કર્યું છે. તેમના સત્કાર સમારંભમાં બંને ગાયકોના સેવાભાવી કાર્યોને બિરદાવ્યા હતા. ૧૯૯૦થી હિન્દી સિનેમામાં પ્રવેશેલ બંને ગાયકોએ સમાજસેવાના અનેક કાર્યો કર્યા છે. અનુરાધાએ શહીદ સૈનિકોના પરિવારને સહાય કરી છે. કુપોષણ અને ગરીબીનો શિકાર બનેલ પરિવારોમાં તેમણે વીજળી પહોંચાડવામાં મદદકરી છે. સંગીતના પ્રોગ્રામોની આવકમાંથી ગરીબોને અનાજ અને વસ્ત્રોનું દાન પણ તેમણે કર્યું છે. કુમાર સહાનુ અધિકારોથી વંચિત બાળકોને શિક્ષણ અપાવવા સહાયભૂત થયા છે.

## પાકિસ્તાનમાં સ્થાયી થયેલ લઘુમતી ભારતીયોને લોંગ ટર્મ વિઝા આપતું ભારત

વર્ષ ૨૦૧૧થી આશરે ૩૦ હજારથી પણ વધુ ભારતીયો જે પાકિસ્તાનમાં લઘુમતિમાં છે તેમને ભારત સરકારે લોંગ ટર્મ વીઝા આપ્યા છે. આ ભારતીયોમાં હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી તથા ખ્રિસ્તીઓનો સમાવેશ થાય છે. પાકિસ્તાની લઘુમતિઓને મદદ કરવાનું આ પગલું ત્યાંની લઘુમતિ પ્રજા માટે આશીર્વાદરૂપ નીવડ્યું છે. ભારતમાં કેન્ટોનમેન્ટ સિવાયના વિસ્તારમાં તેમને જમીન પણ ફાળવવામાં આવશે. તેઓ ભારતમાં પાનકાર્ડ તથા આધારકાર્ડ પણ મેળવી શકે છે. ભારતે આ ઉપરાંત અફઘાનિસ્તાન તથા બાંગ્લાદેશના લઘુમતિઓને પણ શરણ આપ્યું છે.

## દર વર્ષે સેનાના ૨૦૦ સૈનિકો વિકલાંગ બને છે

સશસ્ત્ર દળો સાથે જોડાયેલ મેડિકલ ઓફિસર લેફ. જનરલ બીપીન પુજારીએ આ સમાચાર દેશવાસીઓને આપ્યા છે. દર વર્ષે અકસ્માત, હિમ સ્ખલન અને યુદ્ધને કારણે ૨૦૦ સૈનિકો વિકલાંગ બને છે. આ વિકલાંગતામાં કરોડરજ્જુ તથા હાથપગની ઈજાઓ મુખ્ય છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે અસામાન્ય વાતાવરણમાં આ સૈનિકોને પેઢું તથા છાતીમાં થયેલ ઈજાઓને કારણે તેમના આંતરડા અને ફેફસાં સંકોચાઈ જાય છે. આવા વિકલાંગ સૈનિકોની સાજા થવાની સફર ખૂબ જ લાંબી તથા પીડાજનક હોય છે. ભારતના પૂર્વોત્તર રાજ્યો, જમ્મુ-કાશ્મીર તથા નકસલવાદથી પ્રભાવિત વિસ્તારોમાં આતંકવાદ તથા બળવાખોરોનો સામનો કરવા ભારતીય સેનાના ૧૦ લાખ કર્મીઓ રોકાયેલા છે. દુશ્મનોનો સામનો કરવાના ઓપરેશનમાં સૈનિકોને નાની-મોટી ઈજાઓની સારવાર થતી હોય છે તે મર્યાદિત સમયમાં નિવારી શકાય છે પણ આ વિકલાંગતા આપણા સૈનિકો તથા તેમના પરિવાર માટે દયાજનક હોય છે. ભારત સરકાર તથા દેશવાસીઓ આ વિકલાંગોને મદદ કરે છે તેવું જણાવી શ્રી બિપીન પુજારીએ ઘાયલ સૈનિકોની વિગતો આપી હતી.

## હવે સાધુ સંતોના અખાડાના આચાર્ય પીઠાધીશ્વર - મહામંડલેશ્વરના પદ માટે પણ પરીક્ષા લેવાશે

સરકારી કે ખાનગી નોકરીઓ (પદ) માટે મૌખિક તેમજ લેખિત પરીક્ષાઓ લેવાય છે. પણ હવે સાધુસંતોના અખાડાઓના આચાર્ય પીઠાધીશ્વરના પદ માટે પણ પરીક્ષા લેવાનું શરૂ થયું છે. આ અંગે સાધુઓ દ્વારા આવેદનપત્રો (અરજીઓ) જે તે અખાડાના મુખ્ય કાર્યાલયમાં મળી રહી છે. પદાધિકારી તથા પંચપરમેશ્વર કુંભમાં આ પદોની ઘોષણા થઈ હોય છે. સર્વોચ્ચ ઊત્તિર્ણ સાધુ-સંતોને વિધિવત ધામધૂમથી આચાર્ય પીઠાધીશ્વરના પદે નિયુક્તિ થાય છે. મહામંડલેશ્વરના પદ માટે મળેલી અરજીઓમાં જૂના અખાડા માટે ૩૮, નિરંજની અખાડા ૧૪, નિર્મલ અખાડા ૮, દિગમ્બર અખાડા ૧૩, નિર્વાણી અખાડા ૧૧, નિર્મોહી અખાડા ૨૨, પંચાયતી બડા ઉદાસીન અખાડા ૧૨, પંચીયતી નયા ઉદાસીન અખાડા ૧૪, અટલ અખાડા ૧૧, મહાનિર્વાણી અખાડા ૧૬, આનંદ અખાડા ૯, અગ્નિ અખાડા ૮ તથા આવાહન અખાડા ૧૫નો સમાવેશ થાય છે.

## પ્રજ્ઞાચક્ષુ કથાકાર ડૉ. કૃણાલ જોશીને યુવા ગૌરવ એવોર્ડ

સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગરના ઉપક્રમે 'સંસ્કૃતોત્સવ' યોજાયો હતો. આ સમારોહમાં પ્રજ્ઞાચક્ષુ કથાકાર ડૉ. કૃણાલ જોશીને યુવા ગૌરવ એવોર્ડ એનાયત થયો હતો. રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીજી, શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા ગુજ. યુનિના. કુલપતિ હિમાંશુ પંડ્યા આ સમારંભમાં ઉપસ્થિત હતા. ડૉ. કૃણાલે જણાવ્યું કે હું ૧૨ વર્ષની ઉંમરથી કથા કરું છું. સંસ્કૃતના અભ્યાસથી હું પ્રજ્ઞાચક્ષુ છું તે વિસરાઈ ગયું છે. કથામાં આવતા શ્લોકોના ગાન તથા વિધિ વિધાનની પ્રસ્તુતીમાં મને મારી પ્રજ્ઞાચક્ષુતા નડતી નથી. એવોર્ડનો પ્રતિભાવ આપતાં શ્રી જોશીએ જણાવ્યું કે હિંમત અને ધગશથી પ્રયત્નો કરવાથી કોઈ વિષયની સફળતામાં દિવ્યાંગતા તથા પ્રજ્ઞાચક્ષુતા બાધક થતા નથી. ઈશ્વર હંમેશા મદદ કરે છે.

* * *